Extra No. 117

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, APRIL 27, 2026 / VAISAKHA 7, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, પાટણના હુકમ નં.ચટણ/વશી/૪૩૭૯/૨૦૨૬ તા.૨૨/૦૪/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામા ક્રમાંક એમએજી(૧)/વશી/૬૩૮૮ થી ૬૪૫૨/૨૦૨૬ - ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨)પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, પાટણના આમુખ-૧ના હુકમ મુજબ તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ પરિશિષ્ટ-૧ મુજબના મતગણતરી કેન્દ્રો ખાતે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે.

સબબ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬ની મતગણતરી પ્રક્રિયા દરમિયાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ચૂંટણીપંચની સુચનાઓના અમલ અર્થે મતગણતરી કેન્દ્રોની અંદર મોબાઈલ / ટેલીફોન / આઈપેડ / લેપટોપ /સ્માર્ટવોચ કે તેના જેવા અન્ય ઈલેક્ટ્રોનીકસ ઉપકરણો કે જે શ્રાવ્ય અથવા દ્રશ્યનું રેકોડીંગ કરતાં હોય તે મતગણતરી કેન્દ્ર ખાતે લઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

ઉપરોકત સ્થળોએ મતગણતરી સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને તેમાં કોઈ અવરોધ પેદા ન થાય તે માટે તેમજ મતગણતરીના ઉપરોકત સ્થળોએ જુદાજુદા પક્ષના લોકો, ટેકેદારો, કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ, મતગણતરીના ઉપરોકત સ્થળોએ અને તેની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪(ચાર) કરતાં વધુ માણસો ભેગા થાય. નહી તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવા માટે પુરતું કારણ જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી મતગણતરી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬ અંગે મતગણતરીની કામગીરી માટેના પાટણ જિલ્લાના ઉપર મુજબના સ્થળોએ ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪(ચાર) કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી તેમજ ઉપરોકત સ્થળોએ મતગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા કંપાઉન્ડની અંદર બિનઅધિકૃત વ્યકિત / વ્યકિતઓએ પ્રવેશ કરવો નહી..

વધુમાં, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬ની મતગણતરીની કામગીરીમાં રોકાયેલા ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ ફરજ પર રોકવામાં આવેલ અન્ય અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ પર મુકાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા હોમગાર્ડને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૫૦ની જોગવાઈ મુજબ દરેક હરીફ ઉમેદવારને તેઓ સંસદસભ્ય/વિધાનસભાના સભ્ય હોય કે ન હોય મતગણતરી ખંડમાં હાજર રહેવાનો અધિકાર છે પરંતુ તેમની સાથે સશસ્ત્ર સલામતી રક્ષકો હોય તો તેઓ શસ્ત્રો સાથે મતગણતરી ખંડમાં પ્રવેશશે નહી તે શરતે અને તેઓ મતગણતરી ખંડમાં તેઓની સ્વચ્છાએ તેઓની સલામતી કવચ પરત કરીને બેસશે. આમાં ફકત એસ.પી.જી. સુરક્ષિત ઉમેદવાર જ અપવાદ રહેશે.

(૩) ચૂંટણી ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટ

(૫) મતગણતરી માટે ઉમેદવાર તરફથી નિયુકત મતગણતરી એજન્ટ કે જેમને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી તરફથી પ્રમાણિત કરવામાં આવેલ હોય તેને

(૬) રાજકીય પક્ષનું નામ, પ્રતિક કે સુત્ર સાથેની ટોપી, સાલ વિગેરે જેવા પહેરવેશ સહીત મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ છે. સાદી ટોપી પહેરી શકાશે.

(૭) ચૂંટણી પક્ષ દ્વારા મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ માટે આપેલ અધિકારપત્ર ધરાવતાં પત્રકારો પ્રવેશ કરી શકશે. પરંતુ મતગણતરી હોલમાં પ્રવેશ કરી શકશે નહી.

(૮) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવા અધિકારી/વ્યકિતને

(૯) જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવા અધિકારી, વ્યકિતને

સદરહું જાહેરનામાંના કોઈપણ ખંડના ભંગ / ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહીતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૮૮ થી ૬૪૫૨/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ –૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૧	પાટણ	સરકારી ઈજનેરી કોલેજ, કતપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને હિસાબી અધિકારી, જી.પં.પાટણ	એલ–૨૦૪, સેમીનાર હોલ	૧૦
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, પાટણ	એલ–૨૦૧એ, એનાલોગ એન્ડ ડીઝીટલ ઈલેકટ્રોનિકસ લેબ	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, પાટણ	એલ–૨૦૧બી, એનાલોગ એન્ડ ડીઝીટલ ઈલેકટ્રોનિકસ લેબ	૭
૨	સરસ્વતિ	કેન્દ્રીય વિધાલય સરસ્વતી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારી, પાટણ	રૂમ–૩, મતગણતરી રૂમ નં–૨ની બાજુનો રૂમ, પ્રથમ માળ કેન્દ્રીય વિધાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૧૦
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સરસ્વતી	રૂમ–૧, સ્ટ્રોગ રૂમ નં–૧ ની બાજુમાં, પ્રથમ માળ કેન્દ્રીય વિધાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સરસ્વતી	રૂમ–૨, મતગણતરી રૂમ–૧ અને ૩ ની વચ્ચેનો રૂમ, પ્રથમ માળ કેન્દ્રીય વિધાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૬
૩	સિધ્ધપુર	સરકારી હોમીયોપેથીક કોલેજ, દેથળી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ કલેકટર–1, પાટણ	પ્રથમ માળે રૂમ નં. ૧૧૯	૧૧
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સિધ્ધપુર	ભોયતળીયે રૂમ નં. ૨૪	૫
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સિધ્ધપુર	ભોયતળીયે રૂમ નં. ૨૩	૮

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૮૮ થી ૬૪૫૨/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ –૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૪	ચાણસ્મા	આઇ ટી આઇ કોલેજ રૂપપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), પાટણ	પ્રથમ માળે મીટીંગ હોલ,કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ રૂપપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર ચાણસ્મા	પ્રથમ રૂમ,ડાબી બાજુની સીડી પાસે,પ્રથમ માળે,કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ,રૂપપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, ચાણસ્મા	ભોળતળીયે રૂમ નં.૯ કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ,રૂપપુર	૫
૫	હારીજ	સરકારી ઉ.મા.(વિ.પ્ર),હારીજ (મોડેલ સ્કુલ કેમ્પસ),હારીજ	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, પાટણ	મુખ્ય પ્રવેશદ્વાર સામેના રૂમ નં.૩	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર હારીજ	મુખ્ય પ્રવેશદ્વાર સામેના રૂમ નં.૪ અને ૫	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી હારીજ		
૬	સમી	સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,સમી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, સમી	૬ (એસ.આય.બી.એ. ગુજરાતી)	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, સમી	૭ (એસ.વાય.બી.એ. ઇકોનોમીકસ/ સોસીયોલોજી)	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, સમી		

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૮૮ થી ૬૪૫૨/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ –૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૭	શંખેશ્વર	મહિલા આઈ.ટી.આઈ. શંખેશ્વર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને ખેતીવાડી અધિકારીશ્રી પાટણ	ભોયતળીયે, હોલ નં:– ૨, ડાબી બાજુ,	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, શંખેશ્વર	ભોયતળીયે, હોલ નં:– ૩, ડાબી બાજુ,	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી શંખેશ્વર		
૮	રાધનપુર	મોડેલ સ્કૂલ રાધનપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને મદદનીશ કલેકટરશ્રી, રાધનપુર	રૂમ નં.૦૧, (ફર્સ્ટ ફ્લોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, રાધનપુર	રૂમ નં.૦૨, (ફર્સ્ટ ફ્લોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, રાધનપુર		
૯	સાંતલપુર	પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ વારાહી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને અધિક્ષક જમીન દફતર પાટણ	પ્રાર્થના હોલ, શ્રી પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ, વારાહી	૯
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સાંતલપુર	પ્રાર્થના હોલ, શ્રી પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ, વારાહી	૯
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સાંતલપુર		

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૮૮ થી ૬૪૫૨/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧						
સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ –૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક						
અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત		રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૧૦	પાટણ	ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, બ્લોક એફ, કે.ડી.પોલીટેકનીક, પાટણ	ચૂંટણી અધિકારી, નગરપાલીકા પાટણ અને પ્રાંત અધિકારી,પાટણ		એફ–૧૦૭ (સેમીનાર હોલ) પ્રથમ માળ	૧૨
૧૧	સિધ્ધપુર	સરકારી હોમીયોપેથીક કોલેજ, દેથળી	ચૂંટણી અધિકારી, નગરપાલીકા સિધ્ધપુર અને પ્રાંત અધિકારી, સિધ્ધપુર		ભોયતળીયે સ્ટાફ રૂમ	૬
૧૨	રાધનપુર	મોડેલ સ્કૂલ રાધનપુર	ચૂંટણી અધિકારી, નગરપાલીકા રાધનપુર અને મદદનીશ કલેકટર રાધનપુર		રૂમ નં.૦૧, (ફસ્ટ ફલોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૪

આજ રોજ તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ IAS
જીલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું :-

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, પાટણના હુકમ નં.ચટણ/વશી/૪૩૭૯/૨૦૨૬ તા.૨૨.૦૪/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

જાહેરનામાં ક્રમાંક. એમએજી (૧)/વશી/૬૩૨૩ થી ૬૩૮૭/૨૦૨૬ - ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬નો કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં (૧) પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૨) પાટણ, સિધ્ધપુર, સરસ્વતી, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી, (૩) પાટણ અને સિધ્ધપુર નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી અને (૪) રાધનપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ (બે)ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ થનાર છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, પાટણના આમુખ-૧ના હુકમ મુજબ તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ પરિશિષ્ટ-૧ મુજબના મતગણતરી કેન્દ્રો ખાતે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે.

સબબ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ - ૨૦૨૬ની મતગણતરી પ્રક્રિયા દરમિયાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ચૂંટણી પંચની સુચનાઓના અમલ અર્થે મતગણતરી કેન્દ્રોની અંદર મોબાઈલ / ટેલીફોન / આઈપેડ / લેપટોપ /સ્માર્ટવોચ કે તેના જેવા અન્ય. ઈલેક્ટ્રોનીકસ ઉપકરણો કે જે શ્રાવ્ય અથવા દ્રશ્યનું રેકોર્ડીંગ કરતાં હોય તે મતગણતરી કેન્દ્ર ખાતે લઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે, તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઇએ આથી ફરમાવું છું કે,

(૧) મતગણતરી કેન્દ્રોની અંદર મોબાઈલ/ટેલીફોન/આઈપેડ/લેપટોપ/સ્માર્ટવોચ કે તેના જેવા અન્ય ઈલેકટ્રોનીકસ ઉપકરણો કે જે શ્રાવ્ય અથવા દ્રશ્યનું રેકોર્ડીંગ કરતાં હોય તે મતગણતરી કેન્દ્ર ખાતે લઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધ છે.

(૨) મતગણતરી કેન્દ્રોના કંમ્પાઉન્ડ કે મતગણતરી કેન્દ્રોની અંદર કોઈપણ વ્યકિત માચીસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકાશે નહી કે તેનો ઉપયોગ કરી શકાશે નહી.

(૩) મતગણતરી કેન્દ્રની આજુબાજુ કાઢવામાં આવતાં વિજય સરઘસ દરમિયાન જાહેર રોડ ઉપર ફટાકડા ફોડી શકાશે નહી.

અપવાદ ::-

સદરહું જાહેરનામું રાજ્યના ચૂંટણી પંચના નિરીક્ષકશ્રીઓને લાગુ પડશે નહિ. જો કે કોમ્પ્યુટર/લેપટોપ કે મોબાઈલ ડીવાઈસ જેનો મતગણતરીના કામે ડેટા ટ્રાન્સમીશન કરવા જરૂરીયાત છે તે ચૂંટણી અધિકારીશ્રીની પરવાનગીથી લઈ જઈ શકાશે. વધુમાં મતગણતરી હેતુ માટે સીલીંગની કામગીરી માટે નિયુકત થયેલ કર્મચારીને જ ફકત કામગીરીના હેતુ માટે ઉપરોકત આદેશમાં છુટછાટ આપવામાં આવે છે.

સદરહુ આદેશનો ભંગ કરી જો વ્યકિત પાસેથી ઉપર મુજબની પ્રતિબંધક વસ્તુઓ મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. સદરહું જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૨૩ થી ૬૩૮૭/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ – ૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૧	પાટણ	સરકારી ઇજનેરી કોલેજ, કતપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને હિસાબી અધિકારી, જી.પં.પાટણ	એલ–૨૦૪, સેમીનાર હોલ	૧૦
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, પાટણ	એલ–૨૦૧એ, એનાલોગ એન્ડ ડીઝીટલ ઇલેકટ્રોનિકસ લેબ	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, પાટણ	એલ–૨૦૧બી, એનાલોગ એન્ડ ડીઝીટલ ઇલેકટ્રોનિકસ લેબ	૭
૨	સરસ્વતિ	કેન્દ્રીય વિદ્યાલય સરસ્વતી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારી, પાટણ	રૂમ–૩, મતગણતરી રૂમ નં–૨ની બાજુનો રૂમ, પ્રથમ માળ કેન્દ્રીય વિદ્યાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૧૦
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સરસ્વતી	રૂમ–૧, સ્ટ્રોગ રૂમ નં–૧ ની બાજુમાં, પ્રથમ માળ કેન્દ્રીય વિદ્યાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સરસ્વતી	રૂમ–૨, મતગણતરી રૂમ–૧ અને ૩ ની વચ્ચેનો રૂમ, પ્રથમ માળ કેન્દ્રીય વિદ્યાલય, ચોરમારપુરા, તા.સરસ્વતી	૬
૩	સિધ્ધપુર	સરકારી હોમીયોપેથીક કોલેજ, દેથળી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ કલેકટર–૧, પાટણ	પ્રથમ માળે રૂમ નં. ૧૧૯	૧૧
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સિધ્ધપુર	ભોયતળીયે રૂમ નં. ૨૪	૫
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સિધ્ધપુર	ભોયતળીયે રૂમ નં. ૨૩	૮

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૨૩ થી ૬૩૮૭/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ – ૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૪	ચાણસ્મા	આઇ ટી આઇ કોલેજ રૂપપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), પાટણ	પ્રથમ માળે મીટીંગ હોલ,કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ રૂપપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર ચાણસમા	પ્રથમ રૂમ,ડાબી બાજુની સીડી પાસે,પ્રથમ માળે,કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ,રૂપપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, ચાણસ્મા	ભોંયતળીયે રૂમ નં.૯ કે.વી.પટેલ આઇ.ટી.આઇ.કોલેજ,રૂપપુર	૫
૫	હારીજ	સરકારી ઉ.મા.(વિ.પ્ર),હારીજ (મોડેલ સ્કુલ કેમ્પસ),હારીજ	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, પાટણ	મુખ્ય પ્રવેશદ્વાર સામેના રૂમ નં.૩	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર હારીજ	મુખ્ય પ્રવેશદ્વાર સામેના રૂમ નં.૪ અને ૫	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી હારીજ		
૬	સમી	સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,સમી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, સમી	૬ (એસ.આય.બી.એ. ગુજરાતી)	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, સમી	૭ (એસ.વાય.બી.એ. ઇકોનોમીકસ/ સોસીયોલોજી)	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, સમી		

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૨૩ થી ૬૩૮૭/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ – ૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૭	શંખેશ્વર	મહિલા આઈ.ટી.આઈ. શંખેશ્વર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને ખેતીવાડી અધિકારીશ્રી પાટણ	ભોયતળીયે, હોલ નં:– ૨, ડાબી બાજુ,	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, શંખેશ્વર	ભોયતળીયે, હોલ નં:– ૩, ડાબી બાજુ,	૬
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી શંખેશ્વર		
૮	રાધનપુર	મોડેલ સ્કૂલ રાધનપુર	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને મદદનીશ કલેકટરશ્રી, રાધનપુર	રૂમ નં.૦૧, (ફર્સ્ટ ફલોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૮
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર, રાધનપુર	રૂમ નં.૦૨, (ફર્સ્ટ ફલોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૭
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, રાધનપુર		
૯	સાંતલપુર	પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ વારાહી	ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને અધિક્ષક જમીન દફતર પાટણ	પ્રાર્થના હોલ, શ્રી પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ, વારાહી	૯
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને મામલતદાર સાંતલપુર	પ્રાર્થના હોલ, શ્રી પી.એમ. ગોકલાણી હાઈસ્કૂલ, વારાહી	૯
			ચૂંટણી અધિકારી, તાલુકા પંચાયત મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી સાંતલપુર		

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૬૩૨૩ થી ૬૩૮૭/૨૦૨૬ લગતનું પરિશિષ્ટ – ૧

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ એપ્રિલ – ૨૦૨૬ના મતગણતરીના કેન્દ્રોની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી સ્થળનું નામ	ચૂંટણી અધિકારીની વિગત	રૂમ નંબર	ટેબલોનીસંખ્યા
૧૦	પાટણ	ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, બ્લોક એફ, કે.ડી.પોલીટેકનીક, પાટણ	ચૂંટણી અધિકારી, નગરપાલીકા પાટણ અને પ્રાંત અધિકારી,પાટણ	એફ–૧૦૭ (સેમીનાર હોલ) પ્રથમ માળ	૧૨
૧૧	સિધ્ધપુર	સરકારી હોમીયોપેથીક કોલેજ, દેથળી	ચૂંટણી અધિકારી, નગરપાલીકા સિધ્ધપુર અને પ્રાંત અધિકારી, સિધ્ધપુર	ભોયતળીયે સ્ટાફ રૂમ	૬
૧૨	રાધનપુર	મોડેલ સ્કૂલ રાધનપુર	ચૂંટણી અધિકારી, નગરપાલીકા રાધનપુર અને મદદનીશ કલેકટર રાધનપુર	રૂમ નં.૦૧, (ફસ્ટ ફલોર), મોડેલ સ્કુલ, રાધનપુર	૪

આજ રોજ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ IAS
જીલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું ::-

ચૂંટણી અધિકારી, પાટણ નગરપાલિકા અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના પત્ર નં.ન.પા.સા.ચૂંટણી/વશી/જાહેરનામું/૨૦૨૬ તા.૨૫/૦૪/૨૦૨૬

-:: જાહેરનામું ::-

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું.

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૬૫૩૮ થી ૬૬૦૨/૨૦૨૬ - ચૂંટણી અધિકારી, પાટણ નગરપાલિકા અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના પત્ર નં.ન.પા.સા.ચૂંટણી/વશી/જાહેરનામું/૨૦૨૬ તા.૨૫/૦૪/૨૦૨૬થી પાટણ નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ કે.ડી.પોલીટેકનીક કોલેજમાં રાખવામાં આવેલ છે. જેથી મત ગણતરીના દિવસે પાટણ શહેર ટી.બી.ત્રણ રસ્તાથી કે.ડી.પોલીટેકનીક કોલેજ સુધી પસાર થતી એસ.ટી.બસ તેમજ અન્ય વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે સારૂ. તા.૨૮/૦૪/૨૦૨૬મા રોજ ૦૬/૦૦ કલાક થી ૧૮/૦૦ સુધી પાટણ શહેરમાં આવેલ બસ સ્ટોપ ઉપર આવતી એસ.ટી.બસોનો નીચે મુજબ વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

(૧) ચાણસમાં, હારીજ, રાધનપુર તરફથી આવતી એસ.ટી.બસો પાટણ લીલીવાડી થી આનંદ સરોવર થી સુભાષચોક થી બસ સ્ટેશન આવશે તેમજ જશે.

(૨) ઉંઝા, સિધ્ધપુર, ડીસા, શિહોરી તરફથી આવતી તમામ બસો પાટણ યુનિવર્સિટીના ગેટ નં.-૩ થી અંદર પ્રવેશ કરી ગેટ નં.-૧ થઈ બસ સ્ટેશન તરફ તેમજ બસ સ્ટોપ તરફથી બહાર નીકળતી બસ યુનિવર્સિટીના ગેટ નં.-૧ થી પ્રવેશ કરી ગેટ નં.-૩ થી બહાર જશે.

સબબ, નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ કે.ડી.પોલીટેકનીક કોલેજમાં રાખવામાં આવેલ હોઈ, મતગણતરીના દિવસે પાટણ શહેર ટી.બી.ત્રણ રસ્તાથી કે.ડી.પોલીટેકનીક કોલેજ સુધી પસાર થતી એસ.ટી.બસ તેમજ અન્ય વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે સારૂ વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ કે.ડી.પોલીટેકનીક કોલેજમાં રાખવામાં આવેલ છે. જેથી મતગણતરીના દિવસે પાટણ શહેર ટી.બી.ત્રણ રસ્તાથી કે.ડી.પોલીટેકનીક કોલેજ સુધી પસાર થતી એસ.ટી.બસ તેમજ અન્ય વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે સારૂ પાટણ શહેરમાં આવેલ ટી.બી. ત્રણ રસ્તા થી બસ સ્ટોપ સુધીના રસ્તા પર પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

(૧) ચાણસ્મા, હારીજ, રાધનપુર તરફથી આવતી એસ.ટી.બસો પાટણ લીલીવાડી થી આનંદ સરોવર થી સુભાષચોક થી બસ સ્ટેશન આવશે તેમજ જશે.

(૨) ઉંઝા, સિધ્ધપુર, ડીસા, શિહોરી તરફથી આવતી તમામ બસો પાટણ યુનિવર્સિટીના ગેટ નં.-૩ થી અંદર પ્રવેશ કરી ગેટ નં.-૧ થઈ બસ સ્ટેશન તરફ તેમજ બસ સ્ટોપ તરફથી બહાર નીકળતી બસ યુનિવર્સિટીના ગેટ નં.-૧ થી પ્રવેશ કરી ગેટ નં.-૩ થી બહાર જશે.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું તા.૨૮/૦૪/૨૦૨૬ ના ૦૬/૦૦ થી ૧૮/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા ::-

સદરહું જાહેરનામાંના કોઈપણ ખંડના ભંગ / ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ભારતીય દંડ સંહીતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે

ઉક્ત વિગતે એસ.ટી.બ્સો યુનિવર્સીટીમાંથી પસાર થાય ત્યારે એસ.ટી. બસોની ગતિ અંત્યત ધીમી રાખવાની રહેશે.

આજ રોજ તારીખ : /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે

આજ રોજ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કઅ સાથબ જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS
જીલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:28:15 IST